**પ્રશ્ન- : સૂર્યમુખીનું વાવેતર કરવા કઈ કઈ કાળજી રાખવી પડે ?**

જવાબ: મોર્ડન, ઈ.સી.-૬૮૪૧૪, સુયર્ા અને જી.એસ.-૧ સુધારેલી જાતો પસંદ કરવી.સૂર્યમુખીને એકલા પાક તરીકે તથા અન્ય પાકો સાથે મિશ્ર કરીને વાવી શકાય છે. મેથી, ઓટ, મકાઈ, વટાણા સાથે મિશ્ર કરી વાવી શકાય છે.સૂર્યમુખીને વર્ષમાં ગમે ત્યારે વાવી શકાય છે. શિયાળામાં સપ્ટેમ્બર-ઓકટોબર મહિનામાં વાવી શકાય છે. ઓટ વગેરે સાથે મેળવી ઓકટોબર-નવેમ્બરમાં પણ વાવી શકાય છે.

૬ થી ૭ કિ.ગ્રા. બીજ પ્રતિ વિઘા વાવવું જોઈએ. સૂર્યમુખીને પુંખીને તથા હારમાં બંને પ્રકારે વાવી શકાય છે. બે હાર વચ્ચે ૫૦-૬૦ સે.મી. અંતર રાખવું જોઈએ. બે છોડ વચ્ચે ૧૫-૨૦ સે.મી. અંતર રાખવું જોઈએ.

જમીન તૈયાર કરતી વખતે વિઘા દીઠ ૧.૫-૨ ટન છાણીયું ખાતર આપવું. વાવણી વખતે ૧૦ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૧૫ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ પાયાના ખાતર તરીકે તેમજ વાવણી બાદ ૩૦ દિવસે ૧૦ કિ.ગ્રા. યુરીયા આપવા જોઈએ.

બે વખત આંતરખેડ અને એક વખત હાથથી નિંદામણ કરવું જોઈએ. રાસાયણીક નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ બીજા દિવસે ભેજવાળી જમીનમાં ૧૦ લીટર પાણીમાં એલાકલોર ૪૦ મીલી પ્રમાણેઓગાળી છંટકાવ કરવો.૧૫-૨૦ દિવસે જરૂરિયાત મુજબ પિયત આપવું.

ચારા માટે પાક ૫૦-૫૫ દિવસમાં કાપવા માટે તૈયાર થઈ જાય છે. એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે પાકમાં ફુલ આવવાના શરૂ થાય તે સમયે કાપણી કરી ખવડાવવું જોઈએ કારણકે તે સમયે ચારો પૌષ્ટિક, મુલાયમ તથા પ્રોટીનયુકત હોય છે.એક વિઘામાંથીલગભગ ૪૫-૫૫ કિવન્ટલ લીલો ચારો પ્રાપ્ત થાય છે.